	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૯/૦૩/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૪૫/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૦	૧૩૦	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૦	૧૦૦૬૮૩	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૫	૬,૨૯,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૯	૩૯,૦૦૦/-

પાસા અટકાયતીની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ

મિલકત સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા બાપુનગર પો.સ્ટે વિસ્તારમાં ચોરીના ગુનામાં પકડાયેલ આરોપી નામે પ્રશાંત ઉર્ફે પંકજ સ/ઓ અરવિંદભાઈ નારણભાઈ જાતે સોલંકી ઉ.વ.૧૯ રહે. મ.નં. ૧૨૪ અરવિંદમીલની ચાલી, અનિલ સ્ટાર્ચ રોડ, બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- મોરથરા તા. થાન જીલ્લો. સુરેન્દ્રનગર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) બાપુનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૭૨૨૦૩૯૧/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦ ૧૧૦/૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૩૫/૨૦૨૨ તા.૦૮/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "જીલ્લા જેલ પાલનપુર" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૮/૦૩/૨૦૨૨ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ પાલનપુર" ખાતે મોકલી આપેલ છે. તા.૦૮/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૪૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૪૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૪૮/૨૦૨૨**

માધવપુરાઃ સોનિયાબેન વા/ઓ રાજેશભાઇ દંતાણી (ઉ.વ.૪૦)(રહે.ગલાજીની ચાલી નંબર-૦૩ સરકારી લીથો પ્રેસની સામે, દુધેશ્વર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૧ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે બંગડી ચમકાવવા માટેનું કેમિકલ પ્રવાહી પી લેતા, શરીરે અસર થતા સારવાર માટે તેમને એસ.વી.પી. હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

વટવાઃ મંથનભાઇ હિરેનભાઈ ચુનારા (ઉ.વ.૧૭)(રહે.રાજપથ સોસાયટી નિગમ બસ સ્ટેન્ડ પાસે, વટવા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૨ રાતના ૮/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ઘોડાસર સહજાનંદ રો હાઉસ, પાણીની ટાંકી પાસે ઘર નંબર-૩૩ ખાતે આવેલ પોતાના બીજા ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતાબેન યોગેશકુમાર ચલાવે છે.

નારોલઃ અરવિંદકુમાર શિવલાલ દિવાકર (ઉ.વ.૫૦)(રહે.કિર્તીનગર, શ્રીનગરની બાજુમાં નારોલ કોર્ટની પાછળ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે લોખંડની એંગલ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.